શીંગોડા પર સંકટ

નવસારીમાં શીંગોડા હવે લુપ્ત થવાની આરે આવી ગયા છે

એક સમયે નવસારીમાં ત્રણ ચાર ગામ વચ્ચે શીંગોડાનું એક તળાવ હતું

હવે 42થી 45 ગામ વચ્ચે એક જ તળાવ બચ્યું છે

સુરત : વર્ષમાં માત્ર 2થી 3 મહિના જ જોવા મળતાં શીંગોડા હવે લુપ્ત થવાની આરે આવી ગયા છે. એક સમયે નવસારીના દર ત્રણ-ચાર ગામ વચ્ચે એક તળાવમાં શીંગોડા પાકતા હતા, જ્યારે આજે પરિસ્થિતિ એટલી વિકટ બની છે કે 42 થી 45 ગામો વચ્ચે માત્ર એક જ તળાવમાં ખેતી થાય છે. ઉત્પાદનમાં પણ 70 ટકા સુધીનો ઘટાડો નોંધાયો છે.

શિયાળામાં બજારોમાં જોવા મળતા શીંગોડા પર અસ્તિત્વનું સંકટ તોળાઈ રહ્યું છે. થાઈરોઈડ અને કેન્સર સામે રક્ષણ આપતું આ સુપરફૂડ દુર્લભ બની રહ્યું છે. નવસારી જિલ્લામાં શીંગોડાનું ઉત્પાદન 70% ઘટ્યું છે, જેના કારણે ખેડૂતો અને મજૂરો મુશ્કેલીમાં મુકાયા છે. મેડિકલ સાયન્સ અને આયુર્વેદ મુજબ, શીંગોડા અદ્ભુત સુપરફૂડ છે. તે વિટામિન્સ, મિનરલ્સ, એન્ટીઓક્સિડન્ટ્સથી ભરપૂર છે. તે વજન નિયંત્રણ, હૃદયના સ્વાસ્થ્ય, બ્લડ પ્રેશર અને ડાયાબિટીસમાં ફાયદાકારક છે. શીંગોડા થાઈરોઈડ કાર્યમાં મદદરૂપ થાય છે અને કેન્સર/ટ્યુમરના કોષોને વધતા અટકાવે છે. આ ફળને બાફીને કે કાચું ખાઈ શકાય છે, અને તેના લોટમાંથી વિવિધ વાનગીઓ બને છે. આયુર્વેદિક ગુણોથી ભરપૂર હોવા છતાં તેની ખેતી લુપ્ત થવાના આરે છે, તેથી તેને બચાવવા સહાયની માંગ છે.

પૂરનાં પાણી ઓસરી ગયાં, પણ સહાયની રાહ હજુ યથાવત્!

નવસારીમાં ૫૦૦થી ૬૦૦ પરિવાર સહાયથી વંચિત હોવાનો આક્ષેપ

નગરસેવકોની કલેક્ટરને આવેદન આપી દિવાળી પહેલાં સહાય ચૂકવવા માંગ

કલેક્ટરે યોગ્ય કાર્યવાહીની ખાતરી આપી

નગરસેવકોની રજૂઆત બાદ કલેક્ટરે મામલતદારને બોલાવી યોગ્ય કાર્યવાહી કરવાની ખાતરી આપી હોવાનું જણાવાયું છે. જોકે, અસરગ્રસ્ત પરિવારો માટે મહત્ત્વની બાબત ખાતરી નહીં, પરંતુ સહાયની વાસ્તવિક ચૂકવણી છે.

નવસારી: પૂરનાં પાણી ઓસરી ગયાં, રસ્તાઓ પરથી પાણી ઉતરી ગયું, પરંતુ વરસાદી આફતથી નુકસાન વેઠનારા પરિવારોની મુશ્કેલીઓ હજુ ઓસરી નથી. ઘરવખરી ગુમાવનારા અને આર્થિક નુકસાન સહન કરનારા ૫૦૦થી ૬૦૦ પરિવારને સરકારી સહાય મળી ન હોવાનો આક્ષેપ થતાં નવસારીમાં તંત્રની કામગીરી સામે સવાલો ઊભા થયા છે.

શહેરના શાંતાદેવી રોડ, રૂસ્તમવાડી, મિથિલાનગરી, વિરાવળ, કાશીવાડી, દાંડીવાડ અને ભેંસતખાડા સહિતના વિસ્તારોમાં વરસાદી પાણી ઘરોમાં ઘૂસી જતાં અનાજ, ઘરવખરી અને જીવનજરૂરી ચીજવસ્તુઓને નુકસાન થયું હતું. આ મુદ્દે વોર્ડ નંબર ૪નાં નગરસેવિકા પ્રભાબેન વલસાડિયા, પ્રકાશ રાઠોડ સહિતના સ્થાનિક પ્રતિનિધિઓએ જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવી બાકી રહેલા પરિવારોને તાત્કાલિક સહાય ચૂકવવાની માંગ કરી હતી. દસ્તાવેજો સોંપવાની પ્રક્રિયા પૂર્ણ થઈ હોવાનો દાવો થાય અને બીજી તરફ પરિવારો સહાયની રાહ જોતા રહે! નરેશ વલસાડિયાએ જણાવ્યું હતું કે, અસરગ્રસ્ત પરિવારોનાં દસ્તાવેજો એકત્ર કરીને યાદીઓ સાથે બે વખત મામલતદાર અને પ્રાંત અધિકારીને રજૂઆત કરવામાં આવી હતી. તેમ છતાં વિરાવળ, કાશીવાડી, રૂસ્તમવાડી સહિતના વિસ્તારોના ૫૦૦થી ૬૦૦ પરિવારો હજુ સહાયથી વંચિત હોવાનો તેમનો આક્ષેપ છે. પરિવારોને માત્ર આશ્વાસનોના સહારે ન રાખી દિવાળી પહેલાં પાત્ર પરિવારોને રોકડ સહાય ચૂકવવામાં આવે.

બીલીમોરા નગરપાલિકાની સભામાં શાસક-વિપક્ષ વચ્ચે શાબ્દિક ટપાટપી

૪૩ કામોને બહાલી, કર્મચારીઓને દિવાળી માટે ઉપાડ આપવાનો નિર્ણય લેવાયો

કેરસી બારીયા

બીલીમોરા: બીલીમોરા નગરપાલિકાની શુક્રવારે સાંજે પ્રમુખ મનીષ પટેલના અધ્યક્ષસ્થાને સાધારણ સભા મળી હતી. સભામાં એજન્ડા પરનાં ૩૮ અને વધારાનાં પાંચ મળી કુલ ૪૩ કામને શાસક પક્ષ અને વિપક્ષ વચ્ચેની શાબ્દિક ટપાટપી બાદ બહાલી આપવામાં આવી હતી. આ ઉપરાંત પાલિકાના કર્મચારીઓને દિવાળી માટે ઉપાડ આપવાનો નિર્ણય પણ લેવામાં આવ્યો હતો.

સભામાં વિપક્ષના સિનિયર સભ્ય મલંગ કોલિયાએ છેલ્લા ત્રણ મહિનાથી સોમનાથ તળાવ ફરતેની લાઇટો બંધ હોવાનો પ્રશ્ન ઉઠાવી તાત્કાલિક કાર્યવાહી કરવાની માંગ કરી હતી. બીલીમોરા નગરપાલિકા વિસ્તારમાં ચાર વર્ષીય એરિયા બેઝ ડિજિટલ આકારણી માટે ગાંધીનગરની કેપિટલ સોલ્યુશન પોઇન્ટ પ્રા. લિ.ના ટેન્ડરને મંજૂરી આપી હતી. કારોબારી ચેરમેન પ્રજ્ઞેશ પટેલે ડિજિટલ આકારણીથી થતા લાભોની સમજ આપતાં વેરા આવકમાં વધારો થવાની આશા વ્યક્ત કરી હતી.

પૂર દરમિયાન અસરગ્રસ્ત ૧૮૧ દુકાનધારકની સહાય અરજીઓ નામંજૂર થવાનો મુદ્દો પણ સભામાં ચર્ચાયો હતો. આ અંગે કારોબારી ચેરમેન પ્રજ્ઞેશ પટેલે કલેક્ટર સમક્ષ અપીલ કરવા તેમજ કેબિનેટ મંત્રી સમક્ષ રજૂઆત કરવાની ખાતરી આપી હતી. કોંગ્રેસનાં સભ્ય અર્ચના સોલંકીએ છેલ્લા દસ વર્ષમાં પાલિકામાં કેટલા કાયમી કર્મચારીઓની નિમણૂક થઇ તે અંગે પ્રશ્ન કર્યો હતો. તેના જવાબમાં પ્રમુખે કાયમી કર્મચારીઓની ભરતી માટે સરકાર સમક્ષ દરખાસ્ત કરવામાં આવી હોવાનું જણાવ્યું હતું. આરોગ્ય ચેરમેન ધર્મેશ પટેલે આગામી બોર્ડ બેઠક પહેલાં આશરે ૧૨ કાયમી કર્મચારીઓની નિમણૂક અંગે ખાતરી આપી હતી.

ચીખલીનાં ગામોમાંથી આવતા અશુદ્ધ પાણીને એસટીપી પ્લાન્ટમાં પ્રતિ હજાર લિટર રૂ.૫૦ના દરે શુદ્ધ કરવાની કામગીરીને મંજૂરી અપાઇ હતી. જ્યારે બી-૧ અને બી-૨ પ્રકારની મિલકતોમાં વારસાઈ થઇ શકતી ન હોવાના પ્રશ્ને પેઢીનામાના આધારે ઠરાવ કરીને આવાસ યોજનાના લાભ આપવા અંગે પણ ચર્ચા થઇ હતી. સભામાં ઉપપ્રમુખ તેજલબેન જોશી, મનીષ નાયક, પ્રજ્ઞેશ પટેલ, હરીશ પટેલ, અરવિંદ પટેલ, અર્ચનાબેન સોલંકી, ચીફ ઓફિસર સંદીપ પટેલ સહિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આહવા તાલુકામાં વિકાસ કામોમાં ભ્રષ્ટાચાર અને કમિશનખોરીના આક્ષેપો

તાલુકા પંચાયતના સદસ્ય રાકેશભાઈ પવાર દ્વારા વિકાસ કમિશનરને રજૂઆત

સાપુતારાઃ આહવા તાલુકા પંચાયત વિસ્તારમાં વિવિધ સરકારી યોજનાઓ હેઠળ થતા વિકાસ કામોમાં વ્યાપક ભ્રષ્ટાચાર, કમિશનખોરી અને નબળા બાંધકામ અંગે ગંભીર આક્ષેપો થયા છે. તાલુકા પંચાયતના સદસ્ય રાકેશ પવારે ગાંધીનગર ખાતે વિકાસ કમિશનરને લેખિત રજૂઆત કરી રાજ્ય કક્ષાની સ્ટેટ લેવલ વિજિલન્સ ટીમ દ્વારા તટસ્થ તપાસની ઉગ્ર માંગ કરી છે. આદિવાસી અને ગ્રામ્ય વિસ્તારોના નાગરિકોને પારદર્શક અને ગુણવત્તાયુક્ત સુવિધાઓ મળી રહે તે માટે આ સમગ્ર મામલે ત્વરિત અને નિષ્પક્ષ તપાસ થાય તેવી સદસ્ય રાકેશ પવારની ભારપૂર્વક માંગ કરી હતી કે કસૂરવાર જણાતા TDO સહિતના જવાબદાર અધિકારીઓ અને કર્મચારીઓ સામે કડક શિસ્તભંગ તથા કાયદેસરની કાર્યવાહી થાય, ગેરરીતિ સાબિત થાય તો સંબંધિત કોન્ટ્રાક્ટરોને બ્લેકલિસ્ટ કરી સરકારી નાણાંની નુકસાની વસૂલવામાં આવે, માપપોથી, બિલો અને વપરાયેલી સામગ્રીની ઝીણવટભરી નાણાકીય તપાસ થાય.

કરવામાં આવેલા આક્ષેપો

- TDO અને સંબંધિત ટેકનિકલ અધિકારીઓની મિલીભગતથી નિશ્ચિત ટકાવારીનું કમિશન આપ્યા વિના બિલો મંજૂર ન થવાની ફરિયાદો ઊઠી છે.
- કમિશનખોરીના કારણે કોન્ટ્રાક્ટરો અંદાજપત્ર મુજબ સામગ્રી વાપરવાને બદલે નબળી ગુણવત્તાનું કામ કરતા હોવાની શંકા છે, જેનાથી પ્રજાના નાણાંનો દુરુપયોગ થાય છે.
- સ્થળ પર વાસ્તવિક ચકાસણી કર્યા વિના જ કાગળ પર કામ પૂર્ણ દર્શાવી બિલો પાસ કરી દેવાતા હોવાનો ગંભીર આરોપ છે.

LLB સેમેસ્ટર-૧ની પરીક્ષાની તારીખમાં ફેરફાર કરવા રજૂઆત

નવસારીઃ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન નવસારીની નારણલાલા લૉ કોલેજ સહિત દ.ગુજરાતની વિવિધ લૉ કોલેજોના એલએલ.બી. સેમેસ્ટર-૧ના વિદ્યાર્થીઓની પરીક્ષાની તારીખમાં ફેરફાર કરવા રજૂઆત કરવામાં આવી છે.

પ્રવેશ પ્રક્રિયા મોડી પૂર્ણ થવાને કારણે કોલેજોમાં અભ્યાસકાર્ય મોડું શરૂ થયું હતું. પરિણામે અભ્યાસક્રમ પૂર્ણ કરવા ઉપરાંત આંતરિક પરીક્ષાઓ, પ્રોજેક્ટ્સ, એસાઇનમેન્ટ અને વાઈવા જેવી શૈક્ષણિક પ્રક્રિયાઓ પૂર્ણ કરવા માટે પણ સમયની જરૂરિયાત ઊભી થઈ છે. આ પરિસ્થિતિમાં વિદ્યાર્થીઓને પરીક્ષાની તૈયારી માટે વધુ સમય મળે તે હેતુથી રજૂઆત કરવામાં આવી છે. આ અંગે સિન્ડિકેટ સભ્ય અને ગુજરાત બાર કાઉન્સિલના સભ્ય એડવોકેટ ભાવેશ રબારીને રજૂઆત કરવામાં આવતાં તેમણે યુનિવર્સિટીના કુલપતિ સમક્ષ લેખિતમાં વિનંતી કરી છે કે, ૨૮ નવેમ્બર, ૨૦૨૬થી યોજાનારી એલએલ.બી. સેમેસ્ટર-૧ની પરીક્ષા આશરે એક મહિનો પાછળ રાખવા અંગે વિચારણા કરવા વિચારણા કરવા રજૂઆત કરવામાં આવી હતી.

સંક્ષિપ્ત સમાચાર

સાપુતારા-શામગહાન હાઈવે પર ખાતર ભરેલો ટેમ્પો પલટી મારી ગયો

ગીરીશ ભોયે

સાપુતારાઃ સાપુતારાથી શામગહાનને જોડતા રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર માલેગામ ફોરેસ્ટ રેસ્ટ હાઉસ નજીક આવેલા વળાંકમાં ખાતર ભરેલો ટેમ્પો પલટી જતાં ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં ટેમ્પાને ભારે નુકસાન થયું હતું. જ્યારે ટેમ્પાના ચાલક અને ક્લીનરને નાની-મોટી ઈજાઓ પહોંચી હોવાનું જાણવા મળ્યું છે. સાપુતારા-શામગહાન રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર આવેલા વળાંકો વાહનચાલકો માટે જોખમી સાબિત થઈ રહ્યો છે.

ચીખલીના ફડવેલમાં આંકડાનો જુગાર રમાડતો શખ્સ ઝડપાયો

ઘેજઃ ચીખલી પોલીસે ફડવેલ દાદરા ચાર રસ્તા બસ સ્ટેશન પાસે જાહેર રોડ પાસે વરલી મટકાના આંક ફરકના આંકડાઓ ઉપર પૈસા લગાડી હારજીતનો જુગાર રમાડતા મનહર હરજીભાઇ ધોડિયા પટેલ (ઉં.વ.૪૯, રહે., સીયાદા નિશાળ ફળિયા, તા.ચીખલી)ને રંગેહાથ ઝડપી પાડી અંગઝડતીમાંથી ૧૧,૦૧૦ રોકડ રૂપિયા તથા એક મોબાઇલ મળી કુલ્લે રૂ.૧૬,૦૧૦નો મુદ્દામાલ કબજે કર્યો છે.

વાપીમાં મનપા દ્વારા વોકલ ફોર લોકલને વેગ આપવા સ્વદેશી મેળાનો આરંભ

વાપીઃ વાપી મહાનગરપાલિકા અને ગુજરાત આજીવિકા મિશનના સંયુક્ત ઉપક્રમે નાણામંત્રી તથા શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રી કનુભાઈ દેસાઈના સીધા માર્ગદર્શન હેઠળ વાપીના અજીતનગર ચલા ખાતે 'સ્વદેશી મેળાનું આયોજન કરાયું છે. 6 નવેમ્બર સુધી સ્વદેશી મેળો ચાલશે. બુધવારે મેયર દક્ષાબેન પટેલ સહિતના મહાનુભાવોના હસ્તે સ્વદેશી મેળાનો પ્રારંભ થયો હતો. આ પ્રસંગે મ્યુન્સિપલ કમિશનર એન એફ ચૌધરી,વાપી મનપાના સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન સતીશભાઈ પટેલ, ડેપ્યુટી મેયર મિતેશભાઈ દેસાઈ,વાપી શહેર ભાજપ પ્રમુખ મનીષભાઈ દેસાઈ સહિત અગ્રણીઓ ઉપસ્થિતિ રહ્યાં હતાં.

વલસાડના સેગવા ગામે આતંક મચાવનાર દીપડો પાંજરે પુરાયો

વલસાડઃ વલસાડના સેગવા ગામના રોજાસામર ફળિયામાં છેલ્લા કેટલાક સમયથી સ્થાનિકોમાં દહેશત ફેલાવનાર ખુંખાર દીપડો આખરે વન વિભાગના પાંજરામાં કેદ થઈ ગયો છે. દીપડો પકડાતાં જ સમગ્ર પંથકના રહીશોએ મોટો હાશકારો અનુભવ્યો છે. સ્થાનિક વિગતો અનુસાર, નજીકમાં રહેતા છગનભાઈ આહિરનાં ચાર બકરાંનું મારણ કરી દીપડાએ તરખાટ મચાવતાં લોકો રાત્રે બહાર નીકળતાં પણ ડરતા હતા. વન વિભાગની ટીમે દીપડાને સુરક્ષિત રીતે પાંજરા સાથે ચણવઈ સ્થિત ફોરેસ્ટ કચેરી ખાતે ખસેડ્યો હતો.

વિજલપોરમાં ધાબા પર ઝોકું આવતાં પટકાતાં યુવતીનું મોત

પાળી પર બેસી યુવતી મોબાઈલ જોઈ રહી હતી

નવસારીઃ જલાલપોર તાલુકાના વિજલપોર વિસ્તારમાં આવેલા ગોપાલનગરમાં મોડી રાત્રે દુર્ઘટનાની કરૂણ ઘટના બની હતી. મકાનના ધાબાની પાળી પર બેસીને મોબાઈલ ફોન જોઈ રહેલી ૩૧ વર્ષીય યુવતીને અચાનક ઝોકું આવતાં તે નીચે પટકાઈ હતી. માથાના ભાગે ગંભીર ઈજા થતાં યુવતીનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. બનાવને પગલે પરિવારમાં શોકની લાગણી પ્રસરી હતી.

પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ, મૂળ જલાલપોરના જે.જે. ઠાકોર એપાર્ટમેન્ટ, ચર્ચ સામે રહેતા રાજેશભાઈ ઠાકોરની પુત્રી એલેક્ષ (ઉં.વ.૩૧) હાલ વિજલપોરના ગોપાલનગરની ત્રીજી ગલીમાં શંકરભાઈ ઘાઘના મકાનમાં ભાડેથી રહેતી હતી અને સિલાઈ કામ કરીને ગુજરાન ચલાવતી હતી. ગત તા. ૨૮ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ રાત્રે આશરે ૧૨:૩૦થી ૧૨:૪૫ વાગ્યાના અરસામાં તે પોતાના મકાનના ધાબાની પાળી પર બેસીને મોબાઈલ ફોન જોઈ રહી હતી. દરમિયાન અચાનક જોકું આવતાં સંતુલન ગુમાવી તે નીચે પટકાઈ હતી. આ ઘટનામાં માથાના ભાગે ગંભીર ઈજા થતાં તેનું મોત નીપજ્યું હતું.

બનાવ અંગે પિતા રાજેશભાઈ ઠાકોરે પોલીસને જાણ કરતાં જલાલપોર પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. આ બનાવની વધુ તપાસ અ.હે.કો. યોગીરાજસિંહ મહાવીરસિંહ કરી રહ્યા છે.

'મેં તો રસ્તે સે જા રહા થા, મોત કા સામાન લા રહા થા'

કેરસી બારીયા

બીલીમોરા અમલસાડ કોસ્ટલ હાઇવે પર ગુરુવારે બપોરે ટ્રાફિક અને માર્ગ સુરક્ષાના નિયમોના ખુલ્લેઆમ ભંગ સામે આવ્યો છે. કોસ્ટલ હાઇવે પરથી પસાર થઈ રહેલા ટાટા ડમ્પરની બોડી કરતાં ઘણા લાંબા લોખંડના સળિયા આગળ અને પાછળ બંને તરફ અત્યંત જોખમી રીતે બહાર નીકળેલા જોવા મળ્યા હતા. ડમ્પરની કેબિનથી આગળ તેમજ પાછળના ભાગે પાંચથી આઠ ફૂટ સુધી લટકતા આ સળિયા પાછળ આવી રહેલા વાહનચાલકો અને રાહદારીઓ માટે અકસ્માતનું કારણ બની શકે તેમ હતા. બીલીમોરા પોલીસના ટ્રાફિક જમાદાર સુરેશ સહારએ સ્મશાન ભૂમિ પૂલ નજીક ડમ્પર ઊભું રહેતા ચાલક સામે ગુનો નોંધી કાયદાનું ભાન કરાવ્યું હતું.

ટ્રાન્સફોર્મરમાં બ્લાસ્ટ અને ખેતરમાં શેરડીનો ઊભો પાક ખાખ

ઘેજઃ વીજ કંપનીના ટાંકલ સબ ડિવિઝનના તાબામાં આવતા ચીખલીના મીણકચ્છ નવીનગરી ફળીયામાં નવો સરવે નં-૫૫ વાળા ખેતરમાં ૫-ઓક્ટોબરના રોજ સવારના સમયે મીરલ રમેશભાઇ પટેલના શેરડી ના ખેતરમાં મુકેલ ટ્રાન્સફોર્મર રિપેરિંગ કરતી વખતે બ્લાસ્ટ થતાં જેનું ઓઈલ ખેતરમાં પ્રસરતા લાગેલી આગને પગલે ખેડૂતને બિયારણ ખાતર મજૂરી પાછળ કરેલો ખર્ચ માથે પડવા સાથે રૂ.૧,૮૦,૦૦૦ આર્થિક નુકસાન થવા પામ્યું હતું. આ બનાવ અંગેની જાણ ખેડૂત મીરલભાઈ રમેશભાઈ પટેલ (ઉં.વ.૪૩) (રહે., નોગામા વચલું ફળિયું, તા.ચીખલી, જિ.નવસારી) એ કરતાં વધુ તપાસ એએસઆઈ-મૂળુભાઈ લખુભાઈ કરી રહ્યા છે.